# :: પ્રેસનોટ ::

## "સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર સ્પર્ધાઓ"

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે તા.૧૧/૧૦/૨૦૨૬ થી તા.૨૦/૧૦/૨૦૨૬ દરમ્યાન કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં **તા.૧૨/૧૦/૨૦૨૬ના રોજ શેરી ગરબા સ્પર્ધા તથા તા.૧૪/૧૦/૨૦૨૬ના રોજ ધો.૫ થી ૧૨ની આંતરશાળા રાસ સ્પર્ધા**નું આયોજન સાંજે ૭.૦૦ કલાકે કરવામાં આવેલ છે. આ શેરી ગરબા સ્પર્ધામાં સુરત શહેરની મહિલા, સંસ્થાઓની બહેનો, શેરીની બહેનો, શિક્ષકવૃંદ તથા આંતરશાળા રાસ સ્પર્ધામાં સુરત શહેરની શાળાના ધો.૫ થી ૧૨ના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, શ્રી તાપી ભવન, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, શ્રી તાપીપુરા, સુરત ખાતેથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મેળવી શેરી ગરબા સ્પર્ધાના ભરેલા પ્રવેશફોર્મ તા.૦૯/૧૦/૨૦૨૬ તથા આંતરશાળા રાસ સ્પર્ધાના ભરેલા પ્રવેશફોર્મ તા.૧૨/૧૦/૨૦૨૬ સુધીમાં સ્વીકારવામાં આવશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ પ્રવેશફોર્મ મળી શકશે.

સમાચાર યાદી નં.૨૧૬, તા.૨૮/૦૯/૨૦૨૬, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા
## શેરી ગરબા સ્પર્ધાનું પ્રવેશપત્ર

૧. સંસ્થા / શેરીનું નામ અને સરનામું :–

૨. સંસ્થા / શેરીના હોદ્દેદાર કે જવાબદાર વ્યકિતનું નામ–સરનામું :–

૩. જવાબદાર વ્યકિતનો મોબાઈલ નંબર / ફોન નંબર :–

શેરી ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે, અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે અને તે પ્રમાણે વર્તવા બંધાઈએ છીએ.

તા. / /૨૦૨૬. ....................................................

જવાબદાર વ્યકિતની સહી.

..........................................................................................................................................

## –: નિયમો :–

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વ નિમિત્તે શેરી ગરબા સ્પર્ધાનું આયોજન તા.૧૨/૧૦/૨૦૨૬ને સોમવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧. શેરી ગરબા સ્પર્ધામાં સંસ્થા / શેરીની મહિલાઓ / શાળાનું શિક્ષકવૃંદ ભાગ લઈ શકશે. શેરી ગરબામાં ભાગ લેનાર બહેનોની વયમર્યાદા ૧૮ વર્ષથી ઉપરની રહેશે.

૨. પ્રત્યેક ગરબામાં ઓછામાં ઓછી ૨૦ અને વધુમાં વધુ ૨૫ બહેનો હોવી જોઈએ અને ગરબાની સમયમર્યાદા ૫ થી ૭ મીનીટની રહેશે.

૩. ગરબે ઘૂમતી બહેનો પૈકી ૨(બે) થી ૪(ચાર) બહેનો ગરબો ગવડાવશે અને બાકીની બહેનો પોતાનો ગરબો ઝીલે અને ઝીલાવે એ આવશયક છે. એ માટે જુદુ ગાયકવૃંદ રાખી શકાશે નહિ.

૪. રીધમ માટે ફકત ઢોલનો ઉપયોગ થઈ શકશે. ગરબાની શરૂઆતમાં વાદ્ય વાદનને પ્રાધાન્ય ન અપાય તે ઈચ્છનીય છે. ગરબા નૃત્યપ્રધાન ન હોવા જોઈએ, તેમજ તેમાં નાટકીય હાવભાવ પણ અસ્થાને લેખાશે. તાળીઓનું વેરીયેશન લઈ શકાશે.

૫. ગરબાની રજુઆત માટે ચપટી, મંજીરા, દીવડા, માટલી, માટગાગર અને દાંડીયાનો ઉપયોગ થઈ શકશે.

૬. એક ગરબા મંડળીમાં ભાગ લેનાર બહેનો બીજી મંડળીમાં ભાગ લઈ શકશે નહી.

૭. ગરબાના પ્રથમ વિજેતાને રૂ.૫,૦૦૦/–, દ્વિતીય વિજેતાને રૂ.૩,૦૦૦/–, તૃતીય વિજેતાને રૂ.૨,૦૦૦/– (રોકડ પુરસ્કાર) આપવામાં આવશે.

૮. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

૯. સ્પર્ધામાં ઓછામાં ઓછા ૬(છ) પ્રવેશપત્ર હશે તો જ સ્પર્ધા યોજવામાં આવશે.

Sd/-
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નોંધ :– ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, શ્રી તાપી ભવન, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, શ્રી તાપીપુરા, સુરત ખાતે **તા.૦૯/૧૦/૨૦૨૬ સુધી સ્વીકારવામાં આવશે.** વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ(ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 279) પર સંપર્ક કરવો. ભાગ લેનાર સ્પર્ધકે તા.૧૨/૧૦/૨૦૨૬ના રોજ કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે સાંજે ૬.૩૦ કલાકે હાજર થવાનું રહેશે.

# સુરત મહાનગરપાલિકા
## આંતરશાળા રાસ સ્પર્ધાનું પ્રવેશપત્ર

૧. શાળાનું નામ અને સરનામું :–

૨. શાળાના હોદ્દેદાર કે જવાબદાર :–
વ્યકિતનું નામ–સરનામું
(ફોન નંબર–મોબાઈલ નંબર સહિત)

૩. **સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની યાદી શાળાના લેટરપેડ ઉપર દર્શાવવી.**

આંતરશાળા રાસ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રવેશફોર્મ સાથે સામેલ નિયમો અમે વાંચ્યા છે, અને તે અમને કબુલમંજુર અને બંધનકર્તા રહેશે અને તે પ્રમાણે વર્તવા બંધાઈએ છીએ.

તા. / /૨૦૨૬.

....................................................
શાળાના આચાર્યશ્રીના સહી અને સિકકા

---

## –: નિયમો :–

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વ નિમિત્તે આંતરશાળા રાસ સ્પર્ધાનું આયોજન તા.૧૪/૧૦/૨૦૨૬ને બુધવારના રોજ સાંજે ૭.૦૦ કલાકે કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

૧. આ આંતરશાળા રાસ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ ધો.૫ થી ૧૨ની શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં એક શાળામાંથી એક જ ગૃપ ભાગ લઈ શકશે.

૨. આ સ્પર્ધા માટે મહત્તમ સમય ૫ મિનિટનો રહેશે. જેમાં ૧૬ કલાકારોનો સમાવેશ કરવાનો રહેશે.

૩. આ સ્પર્ધામાં છોકરાઓ, છોકરીઓ અથવા મિશ્ર રાસની ટુકડી ભાગ લઈ શકશે.

૪. રાસ, દાંડિયા, મંજીરા, કરતાલ સાથે પણ રાસ લઈ શકાશે. વેશભૂષા રાસને અનુરૂપ હોવી આવશ્યક છે.

૫. તમારુ ગીત સીડી પર રજુ કરવાનું રહેશે અને પેનડ્રાઈવમાં લાવવાનું રહેશે.

૬. ગરબાના પ્રથમ વિજેતાને રૂા.૫,૦૦૦/–, દ્વિતીય વિજેતાને રૂા.૩,૦૦૦/–, તૃતીય વિજેતાને રૂા.૨,૦૦૦/– (રોકડ પુરસ્કાર) આપવામાં આવશે.

૭. સ્પર્ધા અંગે નિર્ણાયકશ્રીનો નિર્ણય આખરી ગણાશે, જે અંગે કોઈ વાદ વિવાદ કે તકરાર ચાલશે નહિં. સ્પર્ધા અંગેની તમામ બાબતોમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તમામને માટે બંધનકર્તા રહેશે.

૮. સ્પર્ધામાં ઓછામાં ઓછા ૬(છ) પ્રવેશપત્ર હશે તો જ સ્પર્ધા યોજવામાં આવશે.

Sd/-
આસી.મ્યુનિ.કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નોંધ :– ભરેલા પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, શ્રી તાપી ભવન, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, શ્રી તાપીપુરા, સુરત ખાતે **તા.૧૨/૧૦/૨૦૨૬ સુધી સ્વીકારવામાં આવશે.** વધુ માહિતી માટે સાંસ્કૃતિક વિભાગ(ટે.નં. ૨૪૨૩૭૫૧ થી ૫૬–EXT : 245) પર સંપર્ક કરવો. ભાગ લેનાર સ્પર્ધકે તા.૧૪/૧૦/૨૦૨૬ના રોજ કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે સાંજે ૬.૩૦ કલાકે હાજર થવાનું રહેશે.